**ક્રિમીનલ કેસઃ-૪૬૬૧૯/૨૧**

## <u>ચાર્જશીટ નીચે હુકમ</u>

(૧) આ કામના આરોપી સામે પ્રોહી. એક્ટ કલમ-૬૫(એ)(એ), ૯૮(૨) મુજબનો શીક્ષાપાત્ર ગુનો આચરવાનો આક્ષેપ છે. આરોપીને કેસ પેપર્સની નકલ મળી ગયાની ખાતરી કરી તેમના વિરુદધ તહોમતનામુ ઘડી અને ત્યારબાદ તે અનુસંધાને આરોપીનો જવાબ(પ્લી) લેતા ઉપરોક્ત આરોપીએ પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે તેમજ ગુના કબુલાત પુરસીસ પણ આ કામે રજુ કરેલ છે.

(૨) સદર કામના કેસ પેપર્સ વંચાણે લીધા. કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લીધી. આરોપીની ગુન્હા કબુલાત અને તે અંગેની પુરસીસ વંચાણે લીધી. તેમજ **નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુદધ નટવરચંદ હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧), જી.એલ.આર. પાના નં.૭૦૯ તેમજ રમેશચંદ્ર ભીખાલાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૩(૨) જી.એલ.આર. પાના નં.૯૭૪** ઉપર પ્રસિદધ થયેલ ચુકાદાઓ વંચાણે લીધા. સદર કામે આરોપીએ ગુન્હાની કબુલાત આપેલ છે, જે તેમની સ્વેચ્છાપુર્વક અને કોઇપણ પ્રકારના દબાણ વગર આપેલ છે. આમ, આરોપીની સ્વેચ્છાપુર્વકની કબુલાત તેમજ કબુલાત પુરસીસમાં જણાવેલ કરણો ધ્યાને લેતાં, આરોપીની કબુલાત ન માનવાને કોઇ કારણ નથી. વધુમાં નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા ઉપરોક્ત બંને ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિદધાંતો ધ્યાને લેતાં તથા સંજોગો ધ્યાને લેતાં આરોપીને કાયદામાં જણાવેલી સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે અને સચવાશે તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે. જેથી ઉપરોક્ત તમામ હકિકતો અને સંજોગો લક્ષમાં લેતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

### <u>હુકમ</u>

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૨૪૮(૨) અન્વયે ધી પ્રોહી. એક્ટની કલમ-૬૫(એ)(એ), ૯૮(૨) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાર ઠરાવી આરોપીને ગુન્હાના ભંગ બદલ રૂપિયા ૧,૫૦૦/-(અંકે એક હજાર પાચસો પુરા)નો દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન-૨(બે)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવ છે.

મુદ્દામાલ દેશી/વિદેશી દારૂનો અપીલ પીરીયડ બાદ ધોરણસર નાશ કરવો. વધુમાં આ કામે મુદ્દામાલ મોબાઇલ તેમજ વાહનની ખરાઇ કરી તેના મુળ માલિકને પરત કરવો અને જો અગાઉ કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તેને કાયમ રાખવાનો હુકમ

કરવામાં આવે છે અને રોકડ મુદ્દામાલ શ્રી સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૨૨ મી જુન સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સ્પેશિયલ સીટીંગમાં જાહેર કર્યો.

તા. ૨૨/૦૬/૨૦૨૪
સુરત.

(કે.બી.ભાવસાર)
૧૫માં એડી. સિવિલ જજ અને
જ્યુડી. મેજી. ફર્સ્ટ ક્લાસ, સુરત